# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ ફાલ્ગુન પૂર્ણિમા ❖ 16 માર્ચ 2014 ❖ વર્ષ – 14 ❖ અંક – 12 ❖ સળંગ અંક - 168


## ધમ્મવાણી

इध मोदति पेच्च मोदति, कत्तपुञ्ञोउभत्थ मोदति।
सो मोदति सो पमोदति, दिस्वा कम्भविसुद्धिमत्तनो ।।

અહીં આ લોકમાં પ્રસન્ન રહે છે, મરણોપરાંત (પરલોકમાં) પ્રસન્ન હોય છે, પુણ્ય કરેલ વ્યક્તિ બન્ને જગ્યાએ પ્રસન્ન રહે છે. તે પોતાના કર્મોની શુદ્ધતા (પુણ્યકર્મ સંપત્તિ) જોઇને પ્રસન્ન થાય છે. પ્રમુદિત થાય છે.

## સુખી - ગૃહસ્થ

સંન્યાસીનું જીવન ધન્ય છે, પૂજ્ય છે, પ્રણમ્ય છે, કારણ કે વિરક્ત સંન્યાસીનું જીવન જીવીને જીવનમુક્ત થઇ શકવું સહેલું છે. પરંતુ, સમાજમાં બહુ જ થોડા લોકો હોય છે કે જે શુદ્ધ સંન્યાસ–જીવન જીવવાનો સત્પ્રયાસ કરવા પામે છે. મોટી સંખ્યા તો ગૃહસ્થ જીવન જ જીવે છે. ગૃહસ્થનું કીચડભર્યું જીવન જીવવું સહેલું છે, પરંતુ નિર્મળ જીવન જીવવું દુષ્કર છે. વસ્તુતઃ નિર્મળ ગૃહસ્થ જીવન જ સુખી ગૃહસ્થ–જીવન છે.

મુખ્ય પ્રશ્ન એ છે કે અનેક ઇંદ્રિય–સુખોને ભોગવનાર, પારિવારિક, સમાજિક અને રાજકીય જંજાળોમાં અટવાયેલો રહેનાર સમાન્ય ગૃહસ્થ નિર્મળ, સ્વચ્છ, સુખી જીવન કેવી રીતે જીવે? એ ગૃહત્યાગી નથી તેથી સંસારથી વિમુખ થઇ શક્તો નથી. લોક–અભિમુખ રહીને– સંસારમાં રહીને પણ તે પોતાનો ઇહલોક– આ લોક કેવી રીતે સુધારે? પરલોક કેવી રીતે સુધારે? દુઃખ–વિમુક્તિ કેવી રીતે પ્રાપ્ત કરે? મનુષ્ય –જીવનને કેવી રીતે સાર્થક–સફળ બનાવે? શું પુરુષાર્થ કરે કે જેનાથી ગૃહસ્થ રહીને પણ જીવન સફળ બને ?

આવા પ્રશ્નો ભગવાનના જીવનકાળમાં પણ અનેક સદ્ગૃહસ્થોના મનમાં ઊઠતા હતા અને તેના સમાધાન માટે લોકો તેમની પાસે માર્ગ–નિર્દેશ માટે જતા હતા. એવા અવસરો પર ભગવાને જે ઉપદેશ આપ્યા, તે સૌ ગૃહસ્થો માટે અત્યંત કલ્યાણકારી છે. ૨૫૦૦ વર્ષ પછી આજે પણ તે એટલા જ તાજા છે, જીવંત છે, સાર્થક છે. આથી શાશ્વત છે, સાર્વકાલિક છે, સતત પ્રાસંગિક છે. શુદ્ધ–ધર્મની જેમ એ ઉપદેશો પણ સૌ ગૃહસ્થો માટે ભલે ગૃહસ્થ જે પણ જાતિ, કુળ, ગોત્ર, વર્ણ, સંપ્રદાય અથવા રંગ–રૂપનો હોય, સમાનરૂપે કલ્યાકારી છે.આથી એ ઉપદેશો માટે અભ્યાસ કરવા યોગ્ય છે.

### ઇહલોકીય હિત-સુખનાં સાધન : ચાર સદ્ગુણ

એક વખત ભગવાન કોલિય પ્રદેશમાં વિહાર કરી રહ્યા હતા. એ સમયે કોલિય પુત્ર દીર્ઘજાણુ નામનો ગૃહસ્થ ભગવાનને મળવા આવ્યો. એમને સાદર અભિવંદન કરી તે એક તરફ બેસી ગયો. અને તેણે આ જ આશયનો પ્રશ્ન કર્યો – ‘‘ભન્તે ભગવાન! અમે ગૃહસ્થ છીએ, કામભોગી છીએ. ઘર–ગૃહસ્થીની અનેક જવાબદારીઓમાં ગૂંચવાયેલા રહીએ છીએ. કૃપા કરી બતાવો અમારા માટે ક્યો માર્ગ છે કે જેના પર ચાલીને અમે ગૃહસ્થ રહીને પણ પોતાનો લોક – પરલોક બન્ને સુધારી લઇએ?

વ્યવહાર – કૌશલમાં નિપુણ ભગવાને ગૃહસ્થને ઇહલોકના– આ લોકના હિત સુખ સાધન હેતુ ચાર સદ્ગુણ સંગ્રહ કરવા આવશ્યક બતાવ્યા :–

**પહેલો સદ્ગુણ છે - પરાક્રમ - પુરુષાર્થ :-** જે વ્યક્તિ જે કોઇ કલા, શિલ્પ, ઉદ્યોગ–ધંધો, વેપાર–વ્યવહાર, રોજી–રોજગારના માધ્યમથી પોતાનો જીવન નિર્વાહ કરતી હોય, તેમાં તેણે દક્ષ બનવું આવશ્યક છે. દક્ષ બનવા માટે અનિવાર્ય છે કે તે એ ધંધાનું ઊંડાણથી અધ્યયન કરે, મનન કરે, વિશ્લેષણ કરે. તેની બારીકાઇઓને સ્વયં સમજે અને આળસ–પ્રમાદ વિહીન થઇને, સતત પ્રયત્ન કરી તેમાં વ્યવહારિક નિપુણતા પ્રાપ્ત કરે કે જેથી તે ધંધાને વ્યવહારમાં ઉતારી પૂરેપૂરો સફળ થાય, અર્થલાભી થાય. લોકીય સુખ માટે આ જ પરાક્રમ–પુરુષાર્થ છે.

સાચે જ સદ્ગૃહસ્થની અનેક જવાબદારીઓ હોય છે. તેણે સ્વાવલંબી થઇને સ્વાભિમાનપૂર્વક પોતાનું ભરણ–પોષણ કરવાનું જ હોય છે, પોતાના પર આશ્રિત વૃદ્ધ માતા–પિતાની પણ સેવા–ચાકરી કરવાની હોય છે, પોતાનાં પુત્ર–પત્નીનું પણ પાલનપોષણ કરવાનું હોય છે; અસમર્થ જ્ઞાતિ–બંધુઓની પણ યથાશક્તિ સહાયતા કરીને તેમને સ્વાવલંબી બનાવવાનું સત્કાર્ય કરવાનું હોય છે. ઉપરાંત ગૃહત્યાગી શ્રમણ–બ્રાહ્મણોના ભરણ–પોષણ માટે પણ યથાશક્તિ દાન આપવાનું હોય છે. સમાજના અન્ય અભાવગ્રસ્ત લોકોની યથાશક્તિ સહાયતા કરવાની હોય છે. આ બધા માટે પોતાના પુરુષાર્થથી, શારીરિક અને બૌદ્ધિક શ્રમથી ધર્મ–ન્યાયપૂર્વક સંપત્તિ અર્જિત કરવી પડે છે.

**સદ્ગૃહસ્થનો બીજો સદ્ગુણ :-** એ છે કે તે આ રીતે નિજી શ્રમથી ધર્મપૂર્વક **અર્જિત કરેલી સંપત્તિની સતર્કતાપૂર્વક સુરક્ષા કરે.** ક્યાંક કશી બેદરકારી કે નાસમજથી તેને ખોઇ ન બેસે, રાજ્યના નિયમોની પૂરી જાણકારી રાખીને નિયમાનુસાર તેની રક્ષા કરે. કોઇ નિરંકુશ શાસક કે શાસનાધિકારી નિયમોની વિરુદ્ધ તેને જપ્ત કરી ન લે, પોતાની નાસમજ કે બેદરકારીથી આ સંપત્તિ ક્યાંક ચોરો દ્વારા ચોરાઇ ન જાય, આગમાં બળીને ભસ્મ થઇ ન જાય, જળમાં વહી જઇને નષ્ટ થઇ ન જાય અથવા કોઇ અપ્રિય વ્યક્તિ ચાલબાજીથી તેના પર પોતાનો ઉત્તરાધિકાર (હક્ક) જમાવી ન લે. આ પાંચ જોખમોથી પોતાની કમાયેલી સંપત્તિનું સાવધાનીપૂર્વક પૂરેપૂરું રક્ષણ કરવું એ ગૃહસ્થનો

બીજો આવશ્યક સદ્‌ગુણ છે.

**ત્રીજો સદ્‌ગુણ - ધનનો ઉચિત ઉપયોગ :-** આમાં પણ વ્યવહાર કુશળતા એટલી જ આવશ્યક છે. સમજદાર ગૃહસ્થ માટે એ જરૂરી છે કે તે પોતાની આવક અને જાવકનો હિસાબ બરાબર રાખે. જીવન-ધોરણ એવું રાખે કે જેથી સંતુલન બગડે નહીં. ક્યાંક એવું ન થાય કે, કમાણી કરતાં ખર્ચ વધારે કરવા લાગે અને નાસમજણમાં કંગાલિયત ગળે બાંધી લે. વળી, ક્યાંક એવું યે ન થાય કે કમાણી કેવળ સંચય, સંગ્રહ પરિગ્રહ માટે જ થતી રહે અને તેનો ઉપયોગ ન પોતાને માટે થાય ન બીજાઓ માટે . તદ્દન કંજૂસાઇમાં જ સમગ્ર જીવન ના ખોઇ બેસે. કમાયેલી સંપત્તિનો બુદ્ધિમત્તાથી સદુપયોગ કરે. આવકના ઉચિત વિભાજન પ્રમાણે ખર્ચનું ધોરણ રાખે – ન અધિક – ન કમ.

**ચોથો સદ્‌ગુણ - સત્સંગતિ :-** ખરાબ સોબતથી, ખરાબ લત પડી જવાની આશંકા રહેતી હોય છે. જેનાથી સંપત્તિનો અપવ્યય થાય છે અને ચારિત્ર્યનો નાશ થાય છે. પરંતુ, જો કોઇ ધર્મપરાયણ સત્પુરુષનો સંગ રહેશે તો શીલ-પાલન માટે, ધર્મ-ધારણ કરવા માટે, સાત્વિક જીવન જીવવા માટે અને પ્રજ્ઞા પુષ્ટ કરવા માટે પ્રેરણા મળતી રહેશે, માર્ગદર્શન મળતું રહેશે. તેથી કોઇ સંત પુરુષની કલ્યાણ મિત્રતા પ્રાપ્ત કરવી સદ્‌ગૃહસ્થનો ચોથો ગુણ છે.

જ્યારે કોઇ ગૃહસ્થ કુ-સંગમાં પડી જાય છે, ત્યારે વ્યભિચાર વેશ્યાગમન, નશો-પતો કે જુગાર વગેરેનું વ્યસન લગાવી લે છે. અને આ રીતે કમાણીથી વધારે ખર્ચના રસ્તા ખૂલી જાય છે અને બહુ જ જલ્દી તે પોતાનું કમાયેલું ધન ખોઇને કંગાળ – દુઃખી બની જાય છે. એવી જ રીતે, જ્યારે કોઇ કુસંગથી બચીને કોઇ કલ્યાણ મિત્રનો સત્સંગ કરે છે, તો આ ખરાબ વ્યસનોથી દૂર રહે છે અને પોતાની આવક પ્રમાણેખર્ચ કરી શકવાના નિર્ણયને – નિશ્ચયને નિભાવતો રહીને પોતાના ધનને અપવ્યવમાંથી બચાવે છે. આ બચાવેલા ધનને, એ ગૃહસ્થ જીવનની જવાબદારી પૂરી કરવામાં લગાવે છે.

ગૃહસ્થ માટે આ ચારે સદ્‌ગુણ તેના લોકીય હિત-સુખના સાધન હોય છે. પૂર્વકાળમાં પણ હતાં, આજે પણ છે અને ભવિષ્યમાં પણ હશે.

ઇહલોકીય હિત-સુખ માટે આ ચાર આવશ્યક સદ્‌ગુણોના ઉપદેશ આપીને ભગવાને પરલોકીય હિત-સુખ માટે પણ ચાર સદ્ધર્મોનો ઉપદેશ આપ્યો કે જે સૌ ગૃહસ્થ માટે સર્વ-સમય ધારણ કરવા યોગ્ય છે અને સૌ માટે સમાનરૂપે કલ્યાણકારી પણ.

**પરલૌકિક હિત-સુખનાં સાધન : ચાર ધર્મ-સંપદાઓ**

ઇહલોકીય હિત-સુખ માટે ચાર આવશ્યક સદ્‌ગુણોનો ઉપદેશ આપીને ભગવાને કોલિય-પુત્ર દીર્ઘજાણુને પાર-લોકીય હિત-સુખ માટે પણ ચાર ધર્મ-સંપદાઓનો ઉપદેશ આપ્યો કે જે બધા ગૃહસ્થો માટે સમાનરૂપે ધારણ કરવા યોગ્ય છે, સમાનરૂપે કલ્યાણકારી છે.

આ ધર્મ સંપદાઓ એવી છે કે જેમના સંચય-સંગ્રહથી સદ્‌ગૃહસ્થ પોતાનું પારલૌકીક હિત-સુખ તો સાધે જ છે, પરંતુ એમને ધારણ કરવાનો અભ્યાસ કરતા રહીને જુએ છે કે આ લૌકિક હિત-સુખ સાધવામાં પણ સહાયક સિદ્ધ થઇ રહી છે.

**આ ચારમાંથી પહેલી ધર્મ-સંપદા છે - શ્રદ્ધા :-** શ્રદ્ધા ધર્મનો પાયો છે. શ્રદ્ધા વિના ધર્મનું મંગલ-ભવન ટકી શકતું નથી. શ્રદ્ધા વિના ધર્મ લંગડો છે. કોઇપણ વ્યક્તિ શ્રદ્ધા વિના ધર્મપથ પર એક કદમ પણ ચાલી શક્તો નથી. પરંતુ, શ્રદ્ધા શુદ્ધ હોય, વિવેકચક્ષુવાળી હોય તો જ કલ્યાણકારી બને છે. અંધશ્રદ્ધા હાનિકારક છે. જો ભગવાન ગૌતમ બુદ્ધ પ્રત્યે શ્રદ્ધા જાગી છે તો સાચા અર્થમાં એ ત્યારે કલ્યાણકારી બને કે જ્યારે બોધિ પ્રત્યે શ્રદ્ધા જાગે અને ભગવાનની બોધિથી આપણે પ્રેરણા પ્રાપ્ત કરીએ. એવી રીતે સદ્ધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગી છે તો ધર્મના ગુણ ધ્યાનમાં આવે અને ધર્મ ધારણ કરવાની પ્રેરણા જાગે. સંત-સમૂહ પર શ્રદ્ધા જાગી છે તો આર્ય સંતોના સદ્‌ગુણ આપણી ચેતનાને અનુપ્રાણિત કરે (વધુ પ્રેરણા જગાવે) આવી વિવેકભરી શ્રદ્ધા જ સદ્‌ગૃહસ્થની અણમોલ ધર્મ-સંપત્તિ છે.

**સદ્‌ગૃહસ્થની બીજી ધર્મ-સંપદા છે - શીલ :-** સદ્‌ગૃહસ્થ પ્રયત્નપૂર્વક હિંસા-હત્યાથી વિરત રહે છે. પોતાને આપવામાં ના આવ્યું હોય તેવું પરાયું ધન ચોરી લેવાથી, છીનવી લેવાથી, ઝૂંટવી લેવાથી, લઇ લેવાથી વિરત રહે છે. વ્યભિચારથી વિરત રહે છે. મિથ્યા ભાષણથી વિરત રહે છે. નશા-પતાથી વિરત રહે છે. આ પંચશીલ સદ્‌ગૃહસ્થની અનમોલ ધર્મ-સંપદા છે.

**સદ્‌ગૃહસ્થની ત્રીજી ધર્મ-સંપદા છે - ત્યાગ :-** શ્રમપૂર્વક કોઇને પણ દગો આપ્યા વિના ધન-અર્જન કરવું ગૃહસ્થ માટે આવશ્યક છે, અનિવાર્ય છે. પરંતુ, આ જ ધન-અર્જન જ્યારે કેવળ સંચય, સંગ્રહ, પરિગ્રહના હીન ઉદ્દેશથી જ કરવામાં આવે ત્યારે પોતાના હરીફ સામેની પારસ્પરિક હોડ પાછળની થકવી દેનારી દોટ ગૃહસ્થના જીવનને દુઃખમય બનાવી દે છે, પણજો ધન અર્જન સાથે સાથે તેના સદ્‌ઉપાયોગનો વિવેક બની રહે તો સદ્‌ગૃહસ્થ પોતાના અર્જિત, સંચિત ધનનો યથાસમય, યથાયોગ્ય ત્યાગ કરતા શીખે છે. આ રીતે દાનની પુણ્ય-સંપદા એકત્ર કરે છે. દાન જ્યારે શુદ્ધ હોય છે, ત્યારે જ પુણ્યકારક બને છે. એટલે કે ચિતને પુનિત કરવાવાળું હોય છે અન્યથા દાન ''દાન''નથી બનતું, સાચા અર્થમાં પુણ્ય નતી બનુતં. ઉદાહરણ તરીકે, કોઇ વ્યક્તિ ચારણની જેમ આપણી પ્રશંસા-પ્રશસ્તિના પુલ બાંધ્યા કરતો હોય અને આપણે ખુશ થઇ તેને કંઇ આપી દઇએ છીએ તો એ ધનનો ત્યાગ તો અવશ્ય છે. પણ દાનની ધર્મ-સંપદા નથી. આપણે ખુશામતની કિંમત ચૂકવી છે. પૈસાથી પ્રશંસા ખરીદી છે. એ રીતે જો કોઇ માણસ આપણને અપયશની, નિંદાની ધમકી આપે છે, આપણને મહેણાં-ટોણાં મારીને કહે છે, ''તમે તે કેવા ધનવાન છો જે મારી માંગણી પૂરી નથી કરતા? તમે તે કેવા વિપશ્યી સાધક છો જે મારું દુઃખ દૂર નથી કરતા?'' અને તો આપણે એ ધમકીથી ગભરાઇ જઇએ છીએ, ભયભીત થઇ જઇએ છીએ કે આ વ્યક્તિ આપણી કંજૂસાઇની વાત, દાન-હીનતાથી વાત-અપયશ ઘેર ઘેર ફેલાવતો ફર્યા કરશે અને તેથી આપણી પ્રતિષ્ઠાને આંચ આવી જશે. આમ ભયભીત ચિત્તની ચેતનાથી એ ધમકી આપનાર યાચકને જે દાન આપીએ છીએ તે દાન પુણ્ય-સંપદા નથી. એ તો નિંદા કરનારનું મોઢું બંધ કરવાની કીંમત ચુકવણી થઇ. દૂષિત ચિત્તથી ત્યાગેલું ધન ત્યાગ-સંપદા નથી, દાન-સંપદા નથી. ચિત્તમાં અપરિગ્રહનો ભાવ હોવો જોઇએ. યાચક પૂજ્ય હોય તો તેના પ્રત્યે શ્રદ્ધાનો, હીન હોય, તો તેના પ્રત્યે મૈત્રી-કરુણાનો ભાવ હોવો જોઇએ. આમ શુદ્ધ ચિત્તથી, ઉદાર ચેતનાથી મુક્તહસ્તથી આપેલું દાન જ દાન-સંપદા છે.

**શ્રદ્ધા શીલ અને ત્યાગની ધર્મ-સંપદા સંચિત કરતો રહેતો ગૃહસ્થ 'ચોથી ધર્મ-સંપદા અર્જિત કરવાનો અભ્યાસ કરે છે. એ છે પ્રજ્ઞા-સંપદા :-** કેવળ શ્રુતમયી અને ચિંતનમયી પ્રજ્ઞા જ નહિં, પરંતુ તે ભાવનામયી પ્રજ્ઞાનો અભ્યાસ કરે છે, તેનું વર્ણન કરતાં ભગવાને સંક્ષેપમાં કહ્યું છે :-

**कुलपुत्तो पञ्ञवा होति, उदयत्थगामिनीया पञ्ञाय समन्नगतो, अरियाय, निब्बेधिकाय सम्मा दुक्खक्खयगामिनीया । अयं वुच्चति पञ्ञासम्पदा ।**

એટલે કે ગૃહસ્થ કુળ-પુત્ર પ્રજ્ઞાવાન હોય છે – ઉદય-વ્યયની અનુભૂતિ કરાવનાર પ્રજ્ઞા, આર્ય બનાવનાર પ્રજ્ઞા, બધી

શારીરિક અને માનસિક ધનત્વની મરીચિકા પ્રપંચને વીંધીને ધનત્વને સમાપ્ત કરી દેનારી, ભેદન કરનારી પ્રજ્ઞા, સર્વ દુઃખોના ક્ષય સ્વરૂપ નિર્વાણનો સાક્ષાત્કાર કરાવી દેનારી પ્રજ્ઞા પ્રાપ્ત કરી લે છે. આ જ વિપશ્યના સાધનાથી પ્રાપ્ત થતી પ્રજ્ઞા છે કે જે સદ્‌ગૃહસ્થની ચોથી ધર્મ–સંપદા છે.

શ્રદ્ધા, શીલ, ત્યાગ (દાન) અને પ્રજ્ઞાની ચારેય ધર્મ–સંપદાઓ નિશ્ચિતરૂપે સદ્‌ગૃહસ્થના પારલૌકિક હિત–સુખનું સાધન બને છે અને સાથે સાથે લોકીય હિત–સુખમાં પણ સહયોગી સિદ્ધ થાય છે.

ગૃહસ્થ માટે ભગવાને જે લોકીય સદ્‌ગુણવાળી સંપદાઓ એટલે કે પરિશ્રમ–પરાક્રમ–સંપદા, સંરક્ષણ–સંપદા, સમજીવિકા–સંપદા અને કલ્યાણ–મિત્રતા–સંપદા બતાવી તથા ચાર પારલૌકિક સંપદાઓ જેવી કે શ્રદ્ધા, શીલ, ત્યાગ અને પ્રજ્ઞાની ધર્મ–સંપદાઓ બતાવી, તે પ્રત્યેક ગૃહસ્થે ગ્રહણ કરવા, ધારણ કરવા, સંવર્ધન કરવા અને સંચિત કરવા યોગ્ય છે કે જેથી આ સંપદાઓથી સંપન્ન થઇ તે પોતાનો લોક તેમજ પરલોક બન્ને સુધારી શકે.

ગૃહસ્થ સાધકો ! આવો. આ આઠ સંપદાઓને પ્રયત્નપૂર્વક અર્જિત કરીએ અને પોતાનું વાસ્તવિક હિત–સુખ સાધીએ ! મંગલ–કલ્યાણ સાધીએ ! સ્વસ્તિ–મુક્તિ સાધીએ !

**-કલ્યાણ મિત્ર શ્રી સત્યનારાયણ ગોયન્કા**

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યનાં કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ''ધમ્મ અંબિકા'' નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., ગામ : વગલવાડ, તા.: ગણદેવી | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|
| **સતિપટ્ઠાન શિબિરો** | | | |
| 14-04 to 22-04-14<br>11-08 to 22-08-14 | 13-04-14 to 21-04-14<br>08-06-14 to 16-06-14 | 07-04-14 to 15-04-14<br>11-08-14 to 19-08-14 | |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | |
| | 28-06-14 to 19-07-14 | | |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસીય)<br>---------------<br>(૩૦ દિવસીય)<br>--------------- | (૩૦ દિવસ)<br>------------<br>(૩ દિવસ)<br>16-06-13 to 19-06-13<br>(૪૫ દિવસ)<br>------------------<br>(TSC)<br>--------------------- | (૩ દિવસ) જુના સાધકો માટે<br>25-06 to 28-06-14<br>(૩ દિવસ આનાપાન શિબિર બાલિકાઓ માટે–૧૨ થી ૧૮ વર્ષ) – 28-04 to 30-04-14<br>(૩ દિવસ આનાપાન શિબિર બાળકો માટે૧૨ થી ૧૮ વર્ષ) – 01-05 to 03-05-14<br>(ટીનએજર્સ શિબિર કિશોરો માટે–૧૬ થી ૧૯ વર્ષ) – 06-05 to 14-05-14<br>(ટીનએજર્સ શિબિર કિશોરીઓ માટે–૧૬ થી ૧૯ વર્ષ) – 16-05 to 24-05-14 | (૩ દિવસ)<br>---------- |

## વિપશ્યના પરિચય કાર્યક્રમ-ભાવનગર

વિપશ્યના સાધકભાઇ–બહેનોના સગાં–સબંધીઓ, પરિચિતો અને મિત્રો માટે 'આનાપાન' પ્રશિક્ષણ તેમજ વિપશ્યના સાધના શું છે? તેની જાણકારી અંગે પ્રવચન કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આપના પરિચિતોને (૧૮ વર્ષથી ઉપર) બહોળી સંખ્યામાં લાવી શકો છો.

**તારીખ** : ૩૦ એપ્રીલ – ૨૦૧૪, રવિવાર

**સમય** : સાંજે ૪–૦૦ થી ૬–૦૦

**સંપર્ક** : યશવંતરાય નાટ્યગૃહ, ડાયમંડ ચોક સર્કલ સામે, ભાવનગર.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' | ''ધમ્મ અંબિકા'' | : ધર્મજ : |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.<br>(0281) 2233666<br>78787 27240<br>(0281) 2924942<br>93279 23540<br>રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | બાડા.<br>C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી.<br>કચ્છ–૩૭૦ ૪૬૫<br>(02834) 273303, 273612, | અમદાવાદ<br>રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦<br>(02714) 294690,<br>(M) 94264 19397 | મીઠા મહેસાણા.<br>C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.<br>(02762) 272800, 254634, 252345<br>(M) 94292 33000 | ૯૪૨૮૧ ૬૦૭૧૪<br>૯૮૨૫૦ ૪૪૫૩૬<br>૦૨૬૩૪–૨૯૧૧૦૦<br>૦૨૬૩૪–૨૯૨૫૨૧<br>:: સરનામું ::<br>નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઇવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી | (૦૨૬૯૭) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨<br>મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫<br>હેમંતભાઈ પટેલ |
| **૧૦ દિવસીય શિબિરની માહિતી** | | | | | |
| 02*-04 to 13-04-14<br>12-04 to 23-04-14<br>16-04 to 27-04-14<br>30*-04 to 15-05-14<br>*તારીખ પરિવર્તન પાછળ દર્શાવેલ છે<br>14-05 to 25-05-14<br>ફક્ત મહિલાઓ માટે | 30-03 to 10-04-14<br>13-04 to 24-04-14<br>27-04 to 08-05-14<br>11-05 to 22-05-14<br>25-05- to 05-06-14 | 02-04-14 to 13-04-14<br>30-04-14 to 11-05-14<br>16-05-14 to 27-05-14<br>11-06-14 to 22-06-14<br>09-07-14 to 20-07-14<br>23-07-14 to 03-08-14 | 02-04-14 to 13-04-14<br>16-04-14 to 27-04-14<br>30-04-14 to 11-05-14<br>13-05-14 to 24-05-14<br>27-05-14 to 08-06-14<br>11-06-14 to 22-06-14 | 16-04 to 27-04-14<br>27-05 to 07-06-14<br>11-06 to 22-06-14<br>02-07 to 13-07-14<br>રજિસ્ટ્રેશન 0261-3260961 (૧૧થી ૫ દરમિયાન) | 12-04-14 to 23-04-14<br>21-05-14 to 01-06-14<br>11-06-14 to 22-06-14<br>09-07-14 to 20-07-14<br>13-08-14 to 24-08-14 |
| **એક દિવસીય શિબિર જૂના સાધકો માટે** | | | | **: ઉના :** | **મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન''** |
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે ૮ થી ૪ | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે | ગ્રુપ સીટીંગ<br>સવારે ૬:૩૦ થી ૭:૩૦<br>હરેશભાઇ જે. ટીલવાણી<br>૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફિસ પાછળ, ગીરગઢડા રોડ, ઉના. મો.: ૯૪૨૭૭ ૩૮૦૭૦ | ૫–કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા–૩૯૦૦૨૦.<br>(0265) 2341181<br>(M) 94263 32180<br>E-mail : vvs04@ hotmail.com |

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ''આનાપાન'' શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દશ દિવસીય શિબિર

તારીખ : ૧૨ થી ૨૩ એપ્રીલ વધારાની દશ દિવસીય શિબિરનું આયોજન કરેલ છે. જેમાં ભાવનગરના સાધકો તેમજ તેમના પરિચિતો માટે ભાવનગરથી ધમ્મકોટ (રાજકોટ) જવા–આવવાની વ્યવસ્થા (સ્પે. વાહન) કરેલ છે.

**-: સંપર્ક :-**

રમુભા જાડેજા - ૯૪૨૬૪ ૫૦૬૧૫
મોહનભાઈ મકવાણા - ૯૮૨૪૮ ૮૨૩૩૧
મોનાબેન શાહ - ૮૯૦૫૫ ૫૪૬૬૬
ગીતાબેન મહેતા - ૯૪૨૬૫ ૮૮૬૮૯

## ધમ્મકોટ - શિબિર તારીખ પરિવર્તન

**તા. ૨ થી ૧૩ એપ્રિલ ને બદલે**
**તા. ૧-૪ થી ૧૨-૪-૨૦૧૪**
**રાખવામાં આવી છે.**

---

**તા. ૩૦-૪ થી ૧૧-૫ ને બદલે**
**તા. ૧-૫ થી ૧૨-૫-૨૦૧૪**
**રાખવામાં આવી છે.**

## એક દિવસીય શિબિર - ભાવનગર

**દર મહિનાના બીજા રવિવારે**
**સમય :** સવારે ૮–૦૦ થી ૨–૦૦
**દર રવિવારે સામૂહિક સાધના**
**સમય :** સવારે ૮–૦૦ થી ૯–૦૦, વિજ્ઞાન નગરી, આંબાવાડી, ભાવનગર.

**દર મહિનાના ચોથા રવિવારે એક દિવસીય શિબિર.**
**સમય :** સવારે ૮–૦૦ થી ૨–૦૦,
**સ્થળ :** ''ધમ્મપાલી'', ગામ–ટોડી, સોનગઢ, પાલીતાણા રોડ, જિ. ભાવનગર.

## ધમ્મકોટ પર આનાપાન મેડિટેશન અને વિપશ્યના પરિચય કાર્યક્રમ

જિજ્ઞાસુઓ માટે ધમ્મકોટ કેન્દ્ર પર આનાપાન મેડિટેશન અને વિપશ્યના પરિચય કાર્યક્રમ.

**તારીખ :** ૧૩–એપ્રીલ, ૧૧–મે–૨૦૧૪ રવિવાર.
**સમય :** સવારે ૧૦ થી બપોરે ૧ સુધી. કાર્યક્રમ સંપન્ન થયા બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે. ભોજન અને અન્ય વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે આગોતરા રજિસ્ટ્રેશન કરાવીને જ પધારશો.
**સંપર્ક :** – ૧. ધમ્મકોટ કેન્દ્ર : ૦૨૮૧ – ૨૯૨૪૯૨૪, મો. : ૯૩૨૭૯૨૩૫૪૦

### દોહા ધરમના

અપના હિ પાલન કરે, પાલે નિજ પરિવાર ।
ઔરોં કા પાલન કરે, ગૃહી ધર્મ કા સાર ॥
અપની સંપદ કી સદા, રક્ષા કરે સચેત ।
પર ઔરોં કા કણ કભી, દાબે નહીં અચેત ॥
સંગ્રહ હી સંગ્રહ કરે, કરે ન કિંચિત ત્યાગ ।
ઉસ ગૃહપતિ કો સુખ કહાં ? જિસ કા છુટા ન રાગ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

### દોહા ધરમના

દમન ઔર અન્યાય કા, કરે પ્રબલ પ્રતિકાર ।
પર અન્યાયી કે લિએ, રહે હૃદય મેં પ્યાર ॥
અર્જિત સમ્પત્તિકા સદા, સમુચિત હો ઉપયોગ ।
તો ગૃહપતિ કા સુખ બઢે, બઢે નહિં ભવરોગ ॥
સતસંગત મંગલ કરણ, સતસંગત સુખ-મૂલ ।
સતસંગત જાગે ધરમ, ઉખડે પાપ સમૂલ ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 16 માર્ચ 2014** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2012-14
(Renewed upto 31.12.2014)

Weighs less than 10 gms
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666
મોબાઈલ : 7878 7272 23
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org